# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-12-2025 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM – 2025 નું વર્ષ સુધારાનું વર્ષ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત સુધારા એક્સપ્રેસમાં જોડાઈ ગયું છે અને વૈશ્વિક ધ્યાનનું કેન્દ્ર બની ગયું છે. સોશિયલ મીડિયા પર મૂકેલા એક સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજે વિશ્વ ભારતને આશા અને આત્મવિશ્વાસ સાથે જુએ છે.

તેમણે કહ્યું કે, દેશમાં આગામી પેઢીના સુધારાઓ સાથે ઝડપી બનેલી પ્રગતિની ગતિની વિશ્વ પ્રશંસા કરી રહ્યું છે. શ્રી મોદીએ ઉમેર્યું કે, સુધારા એક્સપ્રેસનું પ્રાથમિક એન્જિન ભારતની વસ્તી વિષયક સ્થિતિ, તેની યુવા પેઢી અને દેશવાસીઓની અદમ્ય ભાવના છે.

શ્રી મોદીએ કહ્યું કે 2025 ને ભારત માટે સુધારાના વર્ષ તરીકે યાદ કરાશે. વિવિધ ક્ષેત્રોમાં થયેલા મૂળભૂત ફેરફારોએ દેશની વિકાસ યાત્રામાં ગતિ ઉમેરી છે.

**-----------------------------------------------------------------------------------------**

## ગીફ્ટસીટી – AI સંશોધન સંગઠનની સ્થાપના

ગાંધીનગરના ગુજરાત ઇન્ટરનેશનલ ફાઈનાન્સ ટૅક સિટી – ગિફ્ટ સિટીમાં ભારતીય કૃત્રિમ બુદ્ધિમત્તા – **A.I.** સંશોધન સંગઠનની સ્થાપના કરાશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર તથા સ્થાનિક ભારતીય ઔષધીય બનાવટ કંપનીઓના સંગઠન – **IPA**ની ભાગીદારીથી તૈયાર થનારા આ સંગઠન માટે રાજ્ય સરકારે મંજૂરી આપી છે. સંગઠનની પ્રવૃત્તિઓમાં **A.I.** સંશોધન અને વિકાસ, **A.I.** આધારિત ચીજવસ્તુઓ અને નિવારણની પદ્ધતિઓના વિકાસ તથા શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગો, સ્ટાર્ટ-અપ્સ અને સરકાર વચ્ચેના સહયોગનો સમાવેશ કરાયો છે.

સાથે જ જાહેર ખાનગી ભાગીદારી – **P.P.P.** ધોરણે આવા સંગઠનની સ્થાપના કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે.

-------------------------------------------------------------------------------------

## જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ વેગવાન

**જિલ્લમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીની તૈયારીઓ વેગવાન બની રહી છે. જિલ્લા પંચાત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે બેઠક ફાળવણીનું રોટેશન જાહેર કરાયું છે જે મુજબ જિલ્લા પંચાયતમાં 40 ના બદલે 38 બેઠક પર મતદાન થશે તો ગાંધીધામ તાલુકો મહાન ગરપાલિકામાં વિલીન થતા 9 તાલુકાની 186 બેઠક પર ચૂંટણી યોજાશે. આ ઉપરાંત જારી કરાયેલી બેઠક ફાળવણીના રોટશેનમાં 50 ટકા બેઠકો એટલે કે, જિ.પં.ચાયતની 19 અને તાલુકા પંચાયતની 93 બેઠક મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. સત્તાવાર રીતે જારી કરાયેલા આદેશમાં જિ. પંચાયતની 38 બેઠક પૈકી 22 બેઠક સામાન્ય, 10 બેઠક સામાજિક શૈક્ષણિક પછાત, પાંચ બેઠક અનુસૂચિત અને એક બેઠક અનુસૂચિત જાનજાતિ માટે અનામત રાખવામાં આવી છે.**

-------------------------------------------------------------------------------------

## જિલ્લા કક્ષાની વાયબ્રન્ટ સમિટના આયોજનની તૈયારી

રાજ્ય સરકાર દ્વારા જિલ્લા કક્ષાની વાયબ્રન્ટ સમિટના આયોજન અંતર્ગત ગાંધીધામ ખાતે આગામી તા. 2 જાન્યુઆરીના જિલ્લા કક્ષાની વાયબ્રન્ટ સમિટ યોજાશે. આ માટેની તૈયારીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. જિલ્લા વહીવટી તંત્રની સાથે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પૂરજોષમાં તૈયારી ચાલી રહી છે. આ સમિટમાં કેબિનેટ કક્ષાના મંત્રી, ઉદ્યોગ કમિશરન, જીએમડીસી સહિત ઉદ્યોગ સંબંધી વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ જોડાશે. આ ઉપરાતં કેમિકલ સેક્ટર, સ્ટીલ સેક્ટર, પોર્ટ, લોજિસ્ટિક, પુન:પ્રાપ્ય ઊર્જા, મશીનરી ઉત્પાદન, દીનદયાલ પોર્ટ, ઈફ્કો, વીજતંત્ર સહિતની અનેક કંપનીઓ ગાંધીધામ ખાતેની વાયબ્રન્ટમાં જોડાશે.

---

# 31 મી ડિસેમ્બરની ઉજવણી સંદર્ભે કાયદો વ્યવસ્થા જાળવવા આયોજન

**આજે** 31 ડિસેમ્બરની ઉજવણીને લઈને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા તકેદારીના પગલાં લેવાઈ રહ્યા છે. ત્યારે કચ્છ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કાર્ય યોજના તૈયાર કરવામાં આવી છે તેવું પશ્ચિમ કચ્છ જીલ્લા ના ઇન્ચાર્જ એસ પી ગૌતમ એ જણાવ્યું હતું. જીલ્લા પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ **,**ટ્રાફિક **drive** સહીત ના આયોજનો માટે ટીમો બનાવવામાં આવી હોવાનું તેમજ વાહનોની પણ સઘન તપાસ કરવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું.

---

# મહિલા ક્રિકેટ

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શ્રીલંકાની મહિલા ટીમને પાંચમી અને અંતિમ ટી 20 મેચમાં 15 રને હરાવી પાંચે પાંચ ટી 20 મેચ જીતી નોધપાત્ર સફળતા મેળવી છે. તિરુવનંતપૂરાંમેં ખાતેની મેચમાં ભારતે નબળી શરૂઆત પછી 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવી 175 રન કર્યા હતા. સુકાની હરમન પ્રીત કૌરે સહુ થી વધુ 68 રન અરૂંધતી રેડીએ 27 જ્યારે એમનજોતકૌર 21 રન કર્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ7 વિકેટ ગુમાવી 160 રન કરી શકી હતી.

---

# હવામાન

પશ્ચિમી વિક્ષોભની અસર હેઠળ રાજ્ય સાથે જિલ્લાનું વાતાવરણ પલટાય તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. આજે અને આવતીકાલે એમ બે દિવસ કચ્છમાં કેટલાક સ્થળે માવઠું વરસે તેવી સંભાવના દેખાઇ છે. કમોસમી વરસાદના વતાર્રા વચ્ચે ગઇકાલ સવારથી કચ્છનાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં ધૂંધળો અને ધુમ્મસિયો માહોલ છવાયો હતો. ભેજનાં ઊંચાં પ્રમાણના લીધે વહેલી સવારે જિલ્લામાં અનેક

સ્થળે ધુમ્મસ જોવા મળ્યું હતું. નખત્રાણા તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં અમીછાંટણા વરસ્યાના અહેવાલ મળ્યા છે.

---

## ગુજકેટ -2026 માટે અરજીની તારીખ લંબાવાઇ

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ગુજરાત સમાન પ્રવેશ પરીક્ષા – ગુજકેટ 2026 માટે અરજી કરવાની અંતિમ તારીખ લંબાવીને 6 જાન્યુઆરી કરી છે.

ઈજનેરીના સ્નાતકકક્ષાના અને ફાર્મસીના સ્નાતક અને ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માગતા ધોરણ 12ના વિદ્યાર્થીઓ ઓનલાઇન અરજી કરી શકશે. પરીક્ષાની માહિતી પુસ્તિકા સહિતની વિગત **WWW.GSEB.ORG** અને **WWW.GUJCET.GSEB.ORG** પરથી જોઈ શકાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---